# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૫-A તા.૨૭-૩-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની દરખાસ્તો ડીઝીટલ પોર્ટલ પર ઓનલાઈન મંજૂર કરવા બાબત.**

**સંદર્ભ :- નં. મક / આવિ / શિક્ષણ / ૨૦૧૭ - ૧૮ / ૮૪૧ - મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસનો તા.૧૯-૩-૧૮નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે વર્ષ-૨૦૧૭-૧૮ દરમ્યાન ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશની યોજનાઓ ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન કરેલ છે. જે અન્વયે શાળાઓ તરફથી શિષ્યવૃત્તિ/ગણવેશની દરખાસ્તો ડીઝીટલ પોર્ટલ પર ઓનલાઈન મંજૂર કરવા બાબતે ૭૦% જેટલી જ કામગીરી કરવામાં આવેલ છે.જે ઘણી ઓછી છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ પૂર્ણ થવાના આરે હોઈ સદરહુ ૩૦% બાકીની કામગીરી દિન-૨માં પૂર્ણ કરવા તથા બાકીની દરખાસ્તો સત્વરે અનુસુચિત જનજાતિની કચેરીનાં લોગઈન પર મળી રહે તે અંગેની કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવે છે. શિષ્યવૃત્તિની(અનુસુચિત જનજાતિ) દરખાસ્તો ડીઝીટલ પોર્ટલ પર ઓનલાઈન મંજૂર કરવા અંગેની બાકીની કામગીરી ઉક્ત સમયમર્યાદામાં પૂર્ણ નહી કરવામાં આવે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે.

તા.૨૭-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી